# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-09-2024 Morning : 7.45 to 7.55

Day : Wednesday National News

**આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.**

*******************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝારખંડની ત્રણ દિવસની મુલાકાતે
- ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ગાંધીનગર ખાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ સંમેલનના વિદાય સત્રની અધ્યક્ષતા કરશે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21થી 23 સપ્ટેમ્બરે અમેરિકાની મુલાકાતે, ચોથા ક્વાડ સંમેલનમાં ઉપસ્થિત રહેશે
- જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે 7 જિલ્લાઓની 24 બેઠકો પર મતદાનનો પ્રારંભ
- મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.PRESIDENT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝારખંડની ત્રણ રાજ્યોની મુલાકાતે જશે. તેઓ આજે જયપુરમાં માલવિયા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નૉલોજી (MNIT)ના પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ કિસનરાવ બાગડે અને મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હાજરી આપશે.

આવતીકાલે, રાષ્ટ્રપતિ મધ્યપ્રદેશની મુલાકાતે છે. જ્યાં તેઓ સફાઈ મિત્ર સંમેલનને સંબોધિત કરશે. ઉપરાંત ઉજ્જૈન ખાતે ઈન્દોર-ઉજ્જૈન સિક્સ લેન રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. તે ઈન્દોર ખાતે દેવી અહિલ્યા યુનિવર્સિટીના 14મા દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે.

શુક્રવારે, રાષ્ટ્રપતિ મુર્મુ ઝારખંડમાં ICAR-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સેકન્ડરી એગ્રીકલ્ચર રાંચીના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સંબોધન કરશે.

# VP GANHDINAGAR

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ગાંધીનગરમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ સંમેલનના વિદાય સત્રની અધ્યક્ષતા કરશે. કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીએ આ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારો અને ખાનગી ઉત્પાદકો સહિત વિવિધ હિત ધારકોએ આગામી 6 વર્ષમાં નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ 32.45 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું વચન આપ્યું છે.

ગાંધીનગર ખાતે પત્રકારોને સંબોધતા શ્રી જોશીએ જણાવ્યું હતું કે, ઊર્જા ક્ષેત્રે આવી રહેલા બદલાવો વચ્ચે ભારત અગ્રેસર છે. વધુમાં તેમણે કહ્યું કે લોકોમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા વિશે જાગૃતિ ફેલાવવાનો આ સમય છે.

# MORN.PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21થી 23 સપ્ટેમ્બરે અમેરિકાની મુલાકાતે છે. દરમિયાન તેઓ 21 સપ્ટેમ્બરે વિલમિન્ગ્ટૉનમાં યોજનારા ચોથા ક્વાડ સંમેલનમાં હજરી આપશે. અમેરિકાની અપીલને પગલે ભારત 2025માં આ સંમેલનની મેજબાની કરશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સંમેલનમાં નેતાઓ છેલ્લા એક વર્ષમાં ક્વાડ દ્વારા હાંસલ કરેલી પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને તેમના વિકાસ લક્ષ્યો અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આગામી વર્ષનો ઉદ્દેશ્ય નક્કી કરશે.

શ્રી મોદી આ મહિનાની 23મી તારીખે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરશે. ‘બહેતર આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો’ વિષય વસ્તુ સાથે આયોજીત આ સંમેલનમાં મોટી સંખ્યામાં વૈશ્વિક નેતાઓ ભાગ લે તેવી શક્યતા છે. શિખર સંમેલનની સાથે પ્રધાનમંત્રી મોદી વિશ્વના વિવિધ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી ન્યૂયોર્કમાં ભારતીય સમુદાયનના લોકો સાથે સંવાદ કરશે. ઉપરાંત AI, ક્વૉન્ટમ કમ્પ્યૂટિંગ, સેમિકન્ડક્ટર્સ અને બાયોટેક્નૉલૉજીના અત્યાધુનિક ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે અમેરિકાની જાણીતી કંપનીઓને સીઈઓ સાથે પણ વાતચીત કરશે.

# PM ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વિકાસની પ્રક્રિયામાં મહિલાઓ, ખેડૂતો, યુવાનો, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સમાન ભાગીદારી સાથે દેશ 'વિક્સિત ભારત' તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. ઓડિશામાં જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મોદી સરકાર 3.0 એ 100 દિવસ પૂર્ણ કરી રહી છે અને આ સમયગાળામાં અનેક યોજનાઓ સાકાર થઈ છે. જેમાં ઘરવિહોણા લોકોને ત્રણ કરોડ પાકા મકાનો, 25 હજાર ગામમાં પાકા રસ્તા, મેડિકલ કોલેજમાં વધુ 75 હજાર બેઠકો,  સહિત અનેક લાભ આપવામાં આવ્યા છે.

આ સાથે જ ઓડિશાની મહિલાઓ માટે સુભદ્રા યોજના પણ શરૂ  કરી છે. આ યોજના હેઠળ 21થી 60 વર્ષની મહિલાઓને પાંચ વર્ષનાં સમયગાળામાં 50 હજાર રૂપિયા મળશે. પ્રધાનમંત્રીએ બે હજાર 800 કરોડ રૂપિયાની રેલવે યોજનાઓ અને એક હજાર કરોડ રૂપિયાથી વધુની ધોરી માર્ગ યોજનાઓનું શિલારોપણ અને લોકાર્પણ કર્યું હતું.

# DELHI CM

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમનાં હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. શ્રી કેજરીવાલે લેફ્ટનન્ટ ગવર્નર વી કે સક્સેનાને રાજીનામું આપ્યું હતું. હવે આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી દિલ્હીનું સુકાન સંભાળશે. નવી દિલ્હીમાં મળેલી પક્ષનાં ધારાસભ્યોની બેઠકમાં તેમને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.

# J&KASSEMBLY ELECTIONS

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે મતદાન થઈ રહ્યું છે. સાત જિલ્લાઓની 24 બેઠકો પર સવારે સાત વાગે મતદાનની શરૂઆત થઈ હતી. 23 લાખથી વધુ મતદારો, 90 અપક્ષ સહિત 219 ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે.

બીજા તબક્કાનું મતદાન આ મહિનાની 25મી તારીખે થશે અને ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઓક્ટોબરે થશે. જ્યારે 8મી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# REV.HARYANA- ELECTION

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે સોમવારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો, જે બાદ ચૂંટણી માટે હવે કુલ 1 હજાર 31 ઉમેદવારો મેદાનમાં છે. હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે માહિતી આપતા જણાવ્યું કે, 101 મહિલા ઉમેદવારો ચૂંટણી લડી રહી છે. જ્યારે 462 ઉમેદવારો અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે. રાજ્યમાં એક તબક્કામાં યોજનારી ચૂંટણી માટે આગામી મહિનાની 5મી તારીખે મતદાન થશે.

દરમિયાન રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ભિવાની અને ફરીદાબાદમાં ચૂંટણી સભા સંબોધી હતી. ભિવાની રેલીમાં તેમણે કોંગ્રેસની ટીકા કરતા કહ્યું કે, પાર્ટી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગો માટે અનામતની વિરુદ્ધ છે. ફરીદાબાદમાં રેલીને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, ભાજપ સમાજના કલ્યાણ માટે કામ કરે છે અને આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ માત્ર તેમના પરિવારના કલ્યાણ માટે કામ કરે છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ભાજપે તિગાંવ વિધાનસભા બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય રાજેશ નાગરને મેદાનમાં ઉતાર્યા છે. હરિયાણા સરકારમાં બે વખત મંત્રી અને ધારાસભ્ય રહેલા મૂળચંદ શર્મા બલ્લબગઢ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

પુલ-સુનિતા ચૌહાણ-દુર્ગેશ

# GUJARAT EK PED MAA KE NAAM

"એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વૃક્ષ વાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 13 કરોડ 95 લાખ વૃક્ષ વાવવામાં આવ્યા છે. આ અભિયાનને ધ્યાનમાં રાખી ગઈકાલે ગાંધીનગરમાં નવા સચિવાલય સંકુલના પ્રાંગણમાં વિશેષ વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને વનમંત્રી મૂળુભાઈ બેરાએ વૃક્ષારોપણ કર્યું હતું.

ઉપરાંત રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સહિત 2 હજાર 300 જેટલા કર્મયોગી આ અભિયાનમાં જોડાયા હતા. વનમંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, આ વિશેષ અભિયાન રાજ્યના 33 જિલ્લામાં પણ યોજવામાં આવ્યું છે અને જિલ્લાઓની કચેરીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અન રાજસ્થાનમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત હરિયાણા, ચંદીગઢત, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરાઅને આંદમાન નિકોબાર ટાપુ પર ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ઉત્તર પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં 60 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ફૂંકાતા પવનો આજ સાંજ સુધી નબળા પડશે.

# EUROPE-FLOOD

મધ્ય અને પૂર્વ યુરોપમાં ચક્રવાતી વાવાઝોડાં બોરિસના કારણે આવેલા પૂરમાં પોલેન્ડમાં 4, રોમાનિયામાં 7, ચેક રિપબ્લિકમાં 3 અને ઓસ્ટ્રિયામાં 4 સહિત અંદાજે 18 લોકોના મોત થયા છે. પોલેન્ડના દક્ષિણ ભાગમાં રાહત અને બચાવ કામગીરી માટે 5 હજારથી વધુ સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા છે.

રોમાનિયામાં, પૂરથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાં 16 ઓક્ટોબર સુધી કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. ચેક રિપબ્લિકમાં 13 હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઉત્તર-પૂર્વના બે વિસ્તારોમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. લોઅર ઑસ્ટ્રિયામાં હજારો ઘરોમાં વીજળી અને પાણી નો પુરવઠો ખોરવાયો છે. સ્લોવાકિયા અને હંગેરીમાં ડેન્યુબ નદીનું જળસ્તર વધવાની સંભાવના છે.

## <u>હવે આજના અખબારોના મુખ્યસમાચારો સાથે</u>

## <u>મારા સહયોગી સુનિતા ચૌહાણ</u>

1) આમ આદમી પાર્ટીનાં નેતા આતિશી દિલ્હીનાં નવા મુખ્યમંત્રી બનશે તે સમાચાર મોટાભાગના સમાચારપત્રોએ પહેલા પાના પર લીધાં છે.

2) ગુજરાત સમાચાર લખે છે, દિલ્હીમાં દિવાળી પહેલાં આતિશીબાજી... સંદેશ લખે છે, કેજરીવાલનું રાજીનામુઃ આતિશી દિલ્હીનાં નવાં સીએમ બનશે.. "હવે 'આમ આદમી' મહિલા ભરોસે" આ દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે. ફૂલછાબ લખે છે, કેજરીવાલનું રાજીનામું, આતિશી દિલ્હીનાં મુખ્યમંત્રી. "કેજરીવાલનું રાજીનામું, દિલ્હીના નવા સીએમ પદે આતિશીની વરણી" આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે.

3) સંદેશ લખે છે, આતિશીનાં માતા-પિતા અફઝલ ગુરૂને બચાવવા લડ્યા હતા – સ્વાતિ માલીવાલનો આરોપ.

4) સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીને ટાંકીને ગુજરાત સમાચાર લખે છે, ડૉક્ટરની રેપ-હત્યાનો સીબીઆઈ તપાસ રિપોર્ટ વિચલિત કરનારો છે.

5) નવગુજરાત સમય લખે છે, બુલડોઝર ન્યાય પર પહેલી ઑક્ટોબર સુધી સુપ્રીમે બ્રેક મારી.

6) દિવ્ય ભાસ્કર જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી વિશે લખે છે, 35 વર્ષમાં પહેલીવાર ઘરે-ઘરે કેમ્પેઈન, 30 પૂર્વ આતંકી પણ ચૂંટણીના મેદાનમાં.

7) દિવ્ય ભાસ્કર એક વિશેષ અહેવાલમાં લખે છે, હવે હેલિકૉપ્ટરમાં બેસી કૈલાસ પર્વતનાં દર્શન કરી શકાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને ફૂલછાબ લખે છે, મારી ગણેશ પૂજાથી કૉંગ્રેસને વાંધો..